# યોહાનનો બીજો પત્ર

દેવની પસંદગી પામેલ બાઈ*
તથા તેનાં છોકરાં જોગ લખિતંગ વડીલ:
હું તમને બધાંને સત્યમાં પ્રેમ કરું છું. અને એ બધાં લોકો
જે સત્યને જાણે છે તે બધા પણ તમને પ્રેમ કરે છે. 2સત્યના
કારણે અમે તમને પ્રેમ કરીએ છીએ-તે સત્ય જે આપણામાં
રહે છે. આ સત્ય આપણી સાથે સદાકાળ રહેશે.
3આપણા પર દેવ પિતા અને તેના પુત્ર ઈસુ ખ્રિસ્તની
કૃપા, દયા અને શાંતિ રહેશે. આપણે આ આશીર્વાદો સત્ય
અને પ્રેમ દ્વારા પ્રાપ્ત કરીશું.
4તમારાં કેટલાંએક બાળકો વિશે જાણીને હું ઘણો ખુશ
હતો. હું ખુશ છું કે પિતાએ આપણને આપેલી આજ્ઞાઓ
પ્રમાણે તેઓ સત્યના માર્ગે ચાલે છે. 5અને હવે, વહાલી
બાઈ, હું તને કહું છું: આપણે બધાએ એકબીજાને પ્રેમ કરવો
જોઈએ. આ નવી આજ્ઞા નથી. તે એ જ આજ્ઞા છે જે આરંભથી
જ આપણને મળી છે. 6અને પ્રેમનો અર્થ એ છે કે જે રીતે
જીવન જીવવાની આપણને આજ્ઞા કરી છે તે પ્રમાણે જીવવું.
અને આ દેવની આજ્ઞા છે: તમે પ્રેમનું જીવન જીવો. આ
આજ્ઞા તમે આરંભથી સાંભળી છે.
7હમણા જગતમાં ઘણા જૂઠા ઉપદેશકો છે. આ જૂઠા
ઉપદેશકો ઈસુ ખ્રિસ્ત પૃથ્વી પર આવ્યો અને માણસ થયો
તે સ્વીકારવા (કહેવા) ની ના પાડે છે. જે વ્યક્તિ આ સત્ય
સ્વીકારવાની ના પાડે છે તે જૂઠો ઉપદેશક અને ખ્રિસ્તનો
દુશ્મન છે. 8સાવધ રહો! તમે જે કામ કર્યુ છે તે બધાનો
બદલો ગુમાવશો નહિ. સાવધ રહો, જેથી તમે તમારા બધાં
પ્રતિફળ પામશો.
9પ્રત્યેક વ્યક્તિએ ફક્ત ખ્રિસ્તે આપેલા ઉપદેશને જ
અનુસરવાનું ચાલુ રાખવું જોઈએ. જો કોઈ વ્યક્તિ ઈસુએ
આપેલા બોધને બદલે છે, તો પછી તે વ્યક્તિ પાસે દેવ
નથી. પણ જો કોઈ વ્યક્તિ ખ્રિસ્તના બોધને અનુસરવાનું
ચાલુ રાખે છે, તો તે વ્યક્તિને પિતા (દેવ) અને પુત્ર (ખ્રિસ્ત)
બંને મળે છે. 10જો કોઈ વ્યક્તિ તમારી પાસે આવે છે, પરંતુ
આ બોધ લાવતો નથી, તો તમારા ઘરમાં તેનો સ્વીકાર કરો
નહિ. તેને આવકારો નહિ. 11જો તમે તેને સ્વીકારો છો તો,
તમે તેના દુષ્ટ કામોમાં મદદ કરો છો.
12મારી પાસે તમને કહેવાનું ઘણું છે. પરંતુ મારી ઈચ્છા
કાગળ અને શાહીનો ઉપયોગ કરવાની નથી. તેને બદલે,
તમારી મુલાકાત કરવાની હું આશા રાખું છું. પછી આપણે
ભેગા મળીને વાતો કરી શકીશું. જે આપણને વધારે આનંદિત
બનાવશે. 13તારી બહેનનાં બાળકો જે દેવની પસંદગી પામેલ
છે તે તમને તેઓનો પ્રેમ મોકલે છે.

---

**બાઈ** સ્ત્રી માટેનો આદરસૂચક શબ્દ. અહીં 'મંડળી' અર્થ લઈ શકાય અને 'તેના બાળકો: તે મંડળીના સભ્યો.